# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-12-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- હોસ્પિટલના દર્દીઓએ જે- તે હોસ્પિટલમાંથી દવા ખરીદવી ફરજીયાત નથી " તેવી સૂચના ફરજીયાત દર્શાવવા તમામ હોસ્પિટલ તંત્રોને નિર્દેશ.
- ચોક્કસ રંગના સ્વેટર પહેરવાના કેટલીક શાળાઓના સંચાલકોના દબાણ સામે જીલ્લા શિક્ષણાધિકારી કાર્યવાહી કરશે, તેવી શિક્ષણ રાજ્યમંત્રીની સૂચના..
- કેન્દ્રીય શ્રમ મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આવતીકાલે ભાવનગરમાં 151 કરોડ રૂપિયાથી વધુના ૧૧ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.
- રાજ્યના મહાનગરોને જોડતી ૧૦ અદ્યતન વોલ્વો બસોનો પ્રારંભ કરાવતાં વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવી.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે કચ્છના ધોરડોમાં વિશ્વ વિખ્યાત રણોત્સવનું ઉદઘાટન કરશે.
- રાજ્યના વિવિધ જીલ્લાઓમાં યોજાયેલી લોક અદાલતમાં અનેક કેસોનું સમાધાન થયું.

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# FOOD AND DRUGS

તમામ હોસ્પિટલોની ઇન હાઉસ મેડીકલ સ્ટોરના સંચાલકોને આ હોસ્પિટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજીયાત નથી ” તેવા સાઈન બોર્ડ લગાવવા પડશે.

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડોક્ટર હેમંત કોશિયાએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકો ને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત અને યોગ્ય ભાવે મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. ત્યારે ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ હોસ્પિટલના જ મેડિકલ સ્ટોરમાંથી દવા ખરીદવા દર્દીઓને ફરજ પાડી શકશે નહીં..

**(બાઇટ- ડો. હેમંત કોશિયા- ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશ્નર)**

# AMC FOOD CHECKING

અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા પહેલી ડિસેમ્બર થી 14 ડિસેમ્બર દરમિયાન જુદા જુદા વિસ્તારોના એકમોમાં ખાદ્ય પદાર્થના નમુના લઈને તેના ટેસ્ટિંગની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં મીઠાઈ, દૂધ, આઈસ્ક્રીમ,પાણીપુરીનું પાણી, મસાલા વગેરેના 228 જેટલા સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેની ચકાસણી પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં કરવામાં આવી હતી.

આ ઉપરાંત ઉપરોક્ત સમયગાળામાં એક હજાર 208 ખાદ્ય એકમોની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી 377 એકમોને નોટિસ ફટકારાઇ છે. જેમાં 673 કિલો અખાદ્ય પદાર્થ અને 622 લિટર અખાદ્ય પ્રવાહી પીણાનો નાશ કરાયો હતો. આ એકમો પાસેથી એક લાખ 21 હજાર રૂપિયાનો દંડ વસૂલાયો છે.

અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા લેવાયેલા ફૂડના નમૂનાઓ પૈકી પાંચ નમુના ધરાધોરણ પ્રમાણે નીકળ્યા ન હતા. જેમાં જામ, બટર અને પનીર જેવા ખાદ્ય પદાર્થોનો સમાવેશ થાય છે.

# PRAFUL PANSERIYA ON SWEATER ISSUE

શિયાળાની કડકડતી ઠંડીમાં કેટલીક શાળાઓ હજુ પણ વિદ્યાર્થીઓને અમુક જ રંગ વાળા સ્વેટર પહેરવાનું દબાણ કરી રહ્યાં હોવાની માહિતી શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફૂલ્લ પાનશેરિયાને મળી હતી.. ત્યારે આ મામલે તેમણે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે આવી શાળાઓ સામે જીલ્લા શિક્ષણાધિકારી કાર્યવાહી કરશે.. આ મામલે સરકાર દ્વારા તમામ જીલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે તેમ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ કહ્યું હતું...

**(બાઇટ- પ્રફુલ્લ પાનસેરિયા- શિક્ષણ રાજ્યમંત્રી)**

# CM- SURAT LAGNOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરતમાં પી. પી. સવાણી પરિવાર દ્વારા આયોજીત સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહ્યાં હતાં.. પિતાની છત્ર છાયા ગુમાવનારી 111 દિકરીઓના સમૂહ લગ્નોત્સવમાં તેઓ ઉપસ્થિત રહ્યાં હતા. સતત ૧૫ વર્ષથી સમૂહ લગ્નના આ કાર્ય કરીને મહાદાન કર્યું છે તેમ મુખ્યમંત્રીએ કહ્યું હતું.. આજે ૧૬માં લગ્ન સમૂહમાં સામજિક સમરસતાના વાહક બન્યા હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો...

**(બાઇટ- મુખ્યમંત્રી)**

સુરત જવા માટે મુખ્યમંત્રી પર્યાવરણ મંત્રી મૂળભાઇ બેરા સાથે વંદેભારત ટ્રેનમાં ગાંધીનગરથી મુસાફરી કરીને સુરત પહોંચ્યા હતા.. સંતો મહંતોની ઉપસ્થિતિમાં આ સમૂહલગ્નોત્સવ યોજાયો હતો.

## BHAVNAGAR MANSUKH MANDVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આવતીકાલે ભાવનગરના પ્રવાસે આવશે.. ભાવનગર શહેરના લોકોની સુખાકારી માટે ૧૪૯ કરોડ રૂપિયાથી વધુના ૧૧ જેટલા વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને બે કરોડ રૂપિયાના એક કામનું લોકાર્પણ કરાશે.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયા ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ ખાતે ભાવનગર મહાનગરપાલિકાના લોકાર્પણ-ખાતમુર્હૂત કાર્યક્રમમાં હાજર રહેશે. ત્યારબાદ બપોરે તેઓ પી.એમ.એસ.એસ.વાય. સર. ટી. હોસ્પિટલની મુલાકાત લઇ ગ્રેઈન એ.ટી.એમ.ની મુલાકાત લેશે.

## MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**ગોન્ગ મ્યુઝિક**

## HARSH SANGHVI VOLVO

રાજ્યના મહાનગરોને એકબીજા સાથે કનેકટ કરવા માટે ૧૦ નવિન હાઈટેક વોલ્વો બસોને સુરત ખાતે ફલેગ ઓફ આપી વાહન વ્યવહાર

રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રસ્થાન કરાવ્યુ હતું.. આ બસો સુરતથી ગાંધીનગર બે બસો, સુરતથી નહેરૂનગર ચાર બસો તથા અન્ય ચાર બસો રાજકોટના રૂટ પર નિર્ધારિત કરેલા સમયમાં દોડશે

આ નવીન બસોમાં ૪૭ સીટીંગ કેપેસીટી, 2X2 લેધર અને આરામદાયક પુશબેક સીટ, મોબાઈલ ચાર્જીંગ સુવિધા મળશે. આ નવિન વોલ્વો બસ ૧૩.૫૦ મીટર લાંબી છે. એન્જીન કંમ્પાર્ટમેન્ટમાં ફાયર ડીટેકટશન અને સપ્રેસન સિસ્ટમ, સલુન વિસ્તારમાં ફાયર પ્રોટેકટશન સિસ્ટમ, મોનિટર કરવા સીસીટીવી કેમેરા પણ ઉપલબ્ધ છે. આધુનિક ટેકનોલોજી સુવિધાઓથી સજજ આ વોલ્વો બસો નાગરિકોની મુસાફરીને વધુ આરામદાયક બનાવશે.

# CM RANOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે કચ્છના ધોરડોના સફેદ રણ ખાતે રણોત્સવનો વિધિવત આરંભ કરાવશે. ભુપેન્દ્ર પટેલ રણોત્સવનો આરંભ કરવા સાથે અહીં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળશે. સોમવારે સફેદ રણમાં સૂર્યાસ્તનો નઝારો નિહાળ્યા બાદ કોરિક્રિક ખાતે ચેરિયાના જંગલ વિસ્તારનું વિસ્તૃતિકરણના કાર્યોનું લોકાર્પણ કરશે.

આ અંગે વધુ વિગતો આપી રહ્યાં છે, અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી..

**(બાઇટ- હેમાંગ પટ્ટણી- પ્રતિનિધી-પશ્ચિમ કચ્છ)**

# LOK ADALAT

રાજ્યભરના વિવિધ જીલ્લાઓમાં આજે લોક અદાલતનું આયોજન કરાયું હતું જેમાં ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા

યોજાયેલી લોક અદાલતમાં  બેન્કિંગ, ફાઈનાન્સ, અકસ્માત વીમા કંપનીના કલેઈમ, RTO મેમો સહિતના કેસોનું સમાધાન કરાયું હતું.

સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ અદાલતમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ હતી, જેમાં  મોટર અકસ્માત હેઠળ વળતર કેસો, લેબર અદાલતના સમાધાન પાત્ર કેસો, જમીનને લગતા, મિલકતોને લગતા, પાર્ટીશનને લગતા પેન્ડીંગ કેસો મુકાયા હતા..

અરવલ્લી જિલ્લાના ધનસુરા, મોડાસા, બાયડ સહિત જિલ્લાના તમામ તાલુકાઓની લોક અદાલત પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ ધનસુરા ખાતે યોજાઇ હતી.

# RAGHVJI PATEL LOKSAMPARK

કૃષિમંત્રી રાઘવજી પટેલ દ્વારા સર્કિટ હાઉસ જામનગર ખાતે લોકસંપર્ક યોજાયો હતો.. આ લોકસંપર્ક દરમિયાન રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતા નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો મંત્રીએ  સાંભળી હતી. નાગરિકો દ્વારા કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લઈ સત્વરે તે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ રાઘવજી પટેલે જણાવ્યું હતું. મંત્રી દ્વારા યોજવામાં આવેલ આ લોકસંપર્ક કાર્યક્રમમાં જામનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ તેઓએ પોતાની રજૂઆત કરી હતી.

# GUJ UNI STUDENT RESEARCH KUMBH MELA

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજના કુંભમેળામાં સંસોધન કરવા માટે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે..

ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં આવા 40 વિદ્યાર્થીઓ કુંભમેળામાં રૂબરૂ જઈને સંશોધન કરી રિપોર્ટ તૈયાર કરશે.

આ આમંત્રણ બાદ યુનિવર્સિટીના અલગ અલગ વિભાગમાં અભ્યાસ કરતા 40 જેટલા વિદ્યાર્થીઓ કુંભમેળામાં જઈને કુંભમેળાની અલગ અલગ બાબતો સંદર્ભે સંશોધન કરી રિપોર્ટ તૈયાર કરશે. આગામી 13 મી જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી પ્રયાગરાજમાં કુંભમેળાનું આયોજન થઈ રહ્યું છે. જેમાં ચાલુ વર્ષે 40 કરોડથી વધારે શ્રદ્ધાળુઓ આ કુંભમેળામાં ભાગ લે તેવું અનુમાન છે.